**SAURASHTRA UNIVERSITY**
**P.G.T.R. Section**
**Main office,**
**First Floor,**
**University Road,**
**Rajkot - 360 005(Gujarat)**
**Phone No. : 2578501**
**Fax:(0281)2586983**
**www.saurashtrauniversity.edu**

Accredited Grade'A' by NAAC

## પરિપત્ર:–

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સે.ફા. સંસ્થાના વડાઓ, ભવનના અધ્યાક્ષશ્રીઓ તથા અન્ય અનુસ્નાતક સંસ્થાના વડાઓને જણાવવાનું કે ભવન અને સંસ્થાના અનુસ્નાતક અભ્યાસક્રમમાં તથા એમ.ફીલ.માં નિર્ધારીત સમય મર્યાદામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના નોંધણી ફોર્મ નિયત કરેલ નમુના મુજબના પત્રક સંપૂર્ણ વિગત સાથે બાંહેધરી પત્રક સહિત ભરવાના રહેશે.

| ક્રમ | કોર્ષ | ઓનલાઇન રજીસ્ટ્રેશન તારીખ | લેઈટ ફી સાથે ઓનલાઇન રજીસ્ટ્રેશન તારીખ | લેઈટ ફી સાથે દંડાત્મક ફી સાથે ઓનલાઇન રજીસ્ટ્રેશન તારીખ |
|---|---|---|---|---|
| 1 | M.A., M.Com., M.Sc.(science) M.Sc.(IT&CA),LLM(Human Right), M.Lib, M.Ed,M.S.W.,M.L.W, M.B.A., LLM (law) M.Pham, M.J.M.C., M.P.Ed, M.R.S. M.Sc(Home Science) M.P.A, M.C.A., તબીબી અનુસ્નાતક M.D.,M.S., Diploma તેમજ M.P.T. | ફી રૂ/– ૧૫૦ તા ૦૧/૦૮/૨૦૧૮ થી ૨૫/૦૮/ ૨૦૧૮ | ફી રૂ/– ૧૫૦ +૧૦૦ તા૨૭/૦૮/૨૦૧૮ થી ૦૭/૦૯/૨૦૧૮ | રૂ/– ૧૫૦ +૧૦૦+૬૦૦ તા૦૮/૦૯/૨૦૧૮ થી ૧૪/૦૯/૨૦૧૮ |
| 2 | M.Phil. | ફી રૂ/– ૧૭૫ તા૦૧/૦૮/૨૦૧૮ થી ૨૫/૦૮/૨૦૧૮ | ફી રૂ/– ૧૭૫+૧૦૦ તા૨૭/૦૮/૨૦૧૮ થી ૦૭/૦૯/૨૦૧૮ | રૂ/– ૧૭૫ +૧૦૦+૬૦૦ તા૦૮/૦૯/૨૦૧૮ થી ૧૪/૦૯/૨૦૧૮ |

ઉપર્યુકત સમય મર્યાદા બાદ નોંધણી ફોર્મ કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. ઉપરોકત તારીખમાં ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રક્રીયા પુર્ણ કરી પી.જી.ટી.આર. વિભાગમાં આવશ્યક જરૂરી તમામ સ્વપ્રમાણિત નકલોનુ બિડાણ કરી ફોર્મ અવશ્ય જમા કરવાના રહેશે.

નોંધણી ફોર્મ મોકલતી વખતે નીચે દર્શાવ્યા મુજબનાં સુચનો ધ્યાનમાં લેવાની રહેશે.

(૧) ઓર્ડિનન્સ ૮૮(૩૩) (સી) અનુસાર જે વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટી સિવાયની ( **Other university** ) ની પરીક્ષા પાસ કરી અનુસ્નાતક અભ્યાક્રમમાં નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવુ હશે તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલિજીબીલીટી સર્ટીફીકેટ મેળવવાનુ રહેશે તેમજ ઓર્ડિનન્સ–૯૦ અન્વયે અન્ય યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ યોગ્યતા ધરાવતા હોઈ અને તે અંગેનું આ યુનિવર્સિટીનું કામ ચલાઉ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવેલ હોય તોજ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. પ્રવેશ સંબંધી જે તે અભ્યાસક્રમની જરૂરીયાત સંદર્ભે ચકાસણી કર્યાબાદ જ આચાર્યશ્રીએ / અધ્યક્ષશ્રીએ / સંસ્થાના વડાએ પ્રવેશ આપવાનો રહેશે.

(૨) જે અભ્યાસક્રમો મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવામાં આવેલ છે. તેવા અભ્યાસક્રમો ધરાવતી સંસ્થાએ મધ્યસ્થ પ્રવેશ સમિતિ માન્ય પ્રવેશ યાદી રજૂ કરવાની રહેશે. તે સિવાયના ફોર્મ સ્વીકારી શકાશે નહી. જે વિદ્યાર્થીઓનુ મધ્યસ્થ પ્રવેશ સમિતિ માન્ય પ્રવેશ યાદીમાં નામ દર્શાવવામાં આવેલ છે તેવા વિદ્યાર્થઓના નામો રજીસ્ટ્રેશન ફોર્મમાં તથા ઓન લાઈન એન્ટ્રીમાં દર્શાવવાના રહેશે . ઉકત કોલમમાં દર્શાવેલ બાબતો સિવાય કોઈ અલગ નામ દર્શાવેલ હશે અને પાછળથી ચેક કરતાં માલુમ પડશે તો આવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી જે તે ભવનનાં અધ્યક્ષશ્રીઓની/અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈનચાર્જશ્રીઓની તથા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓનાં વડાઓની રહશે.

(૩) **ST,SC,OBC** વગેરે ની અનામત જગ્યાઓ નિયમ મુજબ નક્કી કરેલ ટકાવારી પ્રમાણે ભરવાની રહેશે. આવા વિદ્યાર્થીઓના નોંધણી ફોર્મ સાથે સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ હોવી જરૂરી છે. અન્યથા પ્રવેશ રદ ગણાશે. અનામતની જોગવાઈઓ સંદર્ભમાં કેન્દ્ર સરકારશ્રી/રાજય સરકારશ્રીના વખતો વખત અમલમાં રહેલ નિયમોનો ચૂસ્તતાથી અમલ કરવાનો રહેશે.

(૪) યુનિવર્સિટી કાર્યલયના પરિપત્ર નં.એકા/ફા.સ/૩૭/૨૦૦૦ તા.૧૯/૫/૨૦૦૦ મુજબ યુનિવર્સિટી વિકાસ ફંડ ફકત પ્રવેશ વખતે વિદ્યાર્થી દીઠ રૂા.૧૦૦/– તેમજ સ્પોર્ટ કોમ્પલેકસ ફી વિદ્યાર્થી દીઠ રૂા. ૧૦/– અનુક્રમે હિસાબ વિભાગ તેમજ શારિરીક શિક્ષણ વિભાગમાં જમા કરાવાના રહેશે.

એમ.ફીલ. માટે જે તે ભવનના અધ્યાક્ષશ્રીઓએ રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉપર્યુકત પરિપત્ર મુજબ વિકાસ ફંડ તથા સ્પોર્ટ કોમ્પલેકસની રકમ જમા થયાના પાવતી નંબર, તારીખ ચેક કરીને જ કાર્યાલયને મોકલવાના રહશે.

(૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો માં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમ (સે.ફા.) સંસ્થાઓને વિષય દીઠ વધારાની જોડાણ ફી પેટે રૂા.૪૦,૦૦૦/– (ચાલીસ હજાર) પુરાનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજીસ્ટ્રાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ના નામનો નોંધણી ફોર્મ સાથે જોડવાનો રહેશે. વધુમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ માં વધારાની જોડાણ ફી ભરેલ હોય તેની પહોચ ની ઝેરોક્ષ સાથે જોડવાની રહેશે. જે અનુસ્નાતક સંસ્થાઓની વધારાની જોડાણ ફી ( શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮) ની ફી ભરેલ ન હોય તે સંસ્થાઓના પી.જી. રસ્ટ્રેશન ફોર્મ સદર હું ફી ભર્યા બાદજ સ્વીકારવામાં આવશે

(૬) શૈક્ષણીક વર્ષ જૂન ૨૦૧૮–૧૯ થી જે તે ફેકલ્ટીના અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં દાખલ થતાં વિદ્યાર્થીઓને પી.જી. રજીસ્ટ્રેશન માટેની એન્ટ્રી સોફટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. તેથી દરેક ભવન / માન્ય સંસ્થાએ ઈન્ટરનેટ મારફત પ્રોગ્રામમાં સંબંધિત એન્ટ્રી કરવાની રહેશે. સંદર્ભિત બાબતે ફોર્મની નીચે દર્શાવેલ સુચનાઓની ખાસ કાળજી લેવી.

**: P.G. રજીસ્ટ્રેશન પરિપત્રની ખાસ સૂચના :**

૧ **Intake** કેપીસીટી હોય તેટલાજ **Registration** ફોર્મ એન્ટ્રી ( **Save** ) કરવી તેની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની/સંસ્થાનાં વડાની રહશે.

૨ **Registration** ફોર્મમાં નામની એન્ટ્રી કરતી વખતે સ્નાતક/અનુસ્નાતકની માર્કશીટ મુજબ ભુલ રહીત એન્ટ્રી કરવાની રહેશે

૩ સંબધીત વિદ્યાર્થીનો સુવ્યસ્થિત **100 kb** થી ઓછી સાઇઝનો, કલર ફોટો અપલોડ કરવાનો રહેશે. અને તેજ ફોટો માર્કશીટમાં આવશે. તેની ખાસ નોંધ લેવી.

૪ કોલેજે વિદ્યાર્થીઓના નામવાળુ **Registration No.** નું લીસ્ટ નોટીસ બોર્ડમાં ખાસ મૂકવાનું રહેશે.

૫ અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનુ પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટિફીકેટ મેળવીનેજ **Online Registration Entry** કરાવાની રહેશે

૬ કોલેજ દ્વારા ઈન્ટેક મર્યાદામાં ઓનલાઈન એન્ટ્રી કરેલ હોય તેને સર્ટિફાઈડ કરીને હાર્ડ કોપીમાં પણ અત્રેના વિભાગમાં જમા કરવાની રહેશે.

૭ વિદ્યાર્થીઓએ ફોર્મમાં જે વિગતો આપેલ છે તે મુજબ ચકાસીને પ્રોગ્રામમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

૮ એન્ટ્રી પૂરી થયા બાદ કોલેજ/ભવન/સંસ્થાએ ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી,તે ચેકલીસ્ટનાં પ્રિન્ટનું કમ્પેરીંગ કરી લેવાનું રહેશે.જો કોઈ ભૂલ હોય તો તરત સુધારી લેવી. ત્યાર બાદ વિદ્યાર્થીના ધ્યાને નોટિસ બોર્ડ પર મૂકવાની રહેશે.

૯ એન્ટ્રી કર્યા બાદ જરૂરી સુધારો સમય મર્યાદામાં કરવાનો રહેશે.છેલ્લી તારીખ બાદ સુધારો શકય થશે નહિ.ત્યાર બાદ પણ નામમાં સ્પેલીંગ ભૂલ સુધારા માટે આવશે તો તેની નિયત કરેલ ફી ભર્યા બાદ સુધારો કરવામાં આવશે.

૧૦ **Registration Slip** (ફીની વિગત માટેનું પત્રક) કોલેજ/સંસ્થાના ફોર્મ સાથે સામેલ હશે. તેનાજ ફોર્મ જમા લેવાશે. અને તેના **Registration** નંબર જનરેટ થશે. જેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧ તમામ વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમોની **G.I.P.L.** ના સોફટવેર માં એન્ટ્રી કરવાની રહેશે. તે માટે ઓનલાઈન એન્ટ્રી નિયત સમય મર્યાદામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ **www.saurashtrauniversity.co.in** માં કરી શકાશે. અને નિયત સમયમર્યાદામાં ફોર્મ જમા કરવાના રહેશે.

૧૨ યુનિવર્સિટી સ્થિત ભવનોમાં ચાલતા **M.Phil** અનુસ્નાતક અભયાસક્રમમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની એન્ટ્રી પણ ઉપરોક્ત દર્શાવેલ યુનિવર્સિટીની વેબસાઈટ માં કરવાની રહેશે.

૧૩ યુનિવર્સિટી માંથી પી.જી./ **M.Phil / Medical / M.P.T.** ના રજીસ્ટ્રેશન ફોર્મ મળશે નહિ. પરંતુ પી.જી. રજીસ્ટ્રેશન ના ફોર્મ **www.saurashtrauniversity.edu** માંથી ડાઉનલોડ કરીને ભરવાના રહેશે.

કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/૬/ ૨૪૫૪ /૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા.૩૦/૦૭/૨૦૧૮

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૨) માન્ય સંસ્થાના વડાઓ
(૩) કોમ્પયુટર ડાયરેકટર કોમ્પયુટર સેન્ટર (નકલ વેબસાઈટમાં **P.G. Registration** શિર્ષક અંતર્ગત **Circular** માં પ્રસિધ્ધ કરવા માટે)

<u>નકલ રવાના :–</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ જાણ સારૂ :–</u>
(૧) પરીક્ષા નિયામકશ્રી (૨) એકેડેમિક ઓફીસરશ્રી (૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી (૪) ઓડીટરશ્રી